**DATE: 28/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## પ્રેમલગ્ન કર્યાં છતાં પત્નીને દગો કરતો હતો

# પત્નીને મારઝૂડ કરતાં પતિને સમજાવી સમાધાન કરાવ્યું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના વિસ્તારમાં રહેતી એક પીડિત મહિલાનો પતિ અન્ય સ્ત્રી સાથે સબંધ રાખતો અને તેની સાથે લગ્ન કરવાનું કહેતો હોવાથી પીડિતાએ અભયમ ટીમની મદદ માગી જેથી અભયમ ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી જ્ય ઘટનાની માહિતી પૂછતા પીડિત મહિલાએ જણાવ્યું કે તેમણે પહેલા લગ્ન કર્યા હતા અને સંતાનમાં એક પુત્ર છે અને પીડિતા નું લગ્ન પહેલા નું અફેર હતું.બંને પોતાની મરજી થી ભાગી ને લગ્ન કર્યા હતા જેથી પુત્ર ની સંપૂર્ણ જવાબદારી લીધી. ત્યારબાદ તેમનો પતિ મજૂરી કરવા બહાર ગામ ગયા ત્યાં અન્ય સ્ત્રી સાથે સબંધ રાખ્યા અને તેને ઘરે લઈ આવ્યા . પીડિતા રાખવાની ના કહેતા તેમને અપશબ્દો બોલી મારઝુડ કરતા.જેથી અભયમ દ્વારા પીડિતાના પતિ નું કાઉન્સિલિંગ કરતાં કાયદાકીય સમજ આપી જેથી તેમને પોતાની ભૂલ સમજાતા.હવે પછી આવી ભૂલ ના થાય તેવી બાંહેધરી આપી. આમ પતિ પત્ની વચ્ચે સુખદ સમાધાન કરાવ્યું

**DATE: 28/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### રાત્રે દોઢ વાગ્યે ચોરી કરી હતી, પોલીસે ચોરના સગડ મેળવ્યાં

# કોસમડી ગામે થયેલી રિક્ષાની ચોરી કરનારો કોંઢથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

બનાવની વિગતો અનુસાર ગત 18 ઓગસ્ટની રાત્રીના અંકલેશ્વર તાલુકાના કોસમડી ગામ ખાતે રહેતા મહેન્દ્ર પાટીલે પોતાની નવી રીક્ષા ઘર આગળ પાર્ક કરી હતી. જે રીક્ષાને વાહન ચોર ચોરી કરી ફરાર થઇ ગયો હતો. સવારે રીક્ષા પાર્કિંગ સ્થળે શોધતા ના મળી આવતા તેઓ ગામમાં શોધખોળ શરુ કરી હતી. દરમિયાન ગામમાં રોડને અડીને આવેલ મકાનના સીસીટીવીમાં ચોરી કરી લઇ જતા તસ્કરો કેદ થઇ ગયા હતા. ઘટના અંગે જીઆઇડીસી પોલીસ મથકે મહેન્દ્ર પાટીલ ફરિયાદ નોંધાવતા પોલીસે 2.40 લાખ રૂપિયાની ચોરી નો ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ આરંભી હતી. જીઆઇડીસી પોલીસ મથકના પી.આઈ. બી એન સગરના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એ. વી.શિયાળીયાએ તપાસ શરૂ કરી હ્યુમન ઇન્ટેલિજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સ શરુ કરતા રીક્ષા વાલિયા રોડ તરફ જતા નજરે પડી હતી. જે આધારે પોલીસ વાલિયા તરફ તપાસનો દોર શરુ કરતા ખાનગી રહે માહિતી મળી હતી કે કોંઢ ગામ બસસ્ટેન્ડ ફળીયામાં રહેતો સુનિલ પરબત નાયક પાસે ચોરીની રીક્ષા છે. જે આધારે પોલીસ કોંઢ ગામે દરોડા પાડી રીઢા ચોર સુનિલ નાયકને ઝડપી પાડ્યો હતો.

**DATE: 28/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### રોકડા મળી 10 હજારનો મુદ્દામાલ જપ્ત

# નાગલ ગામ ખાતે જુગાર રમતા 3 જુગારી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા ના નાગલ ગામ ખાતે જુગાર રમતા 3 જુગારી ને રંગે હાથ ઝડપી પાડ્યા હતા.

બનાવની વિગતો અંકલેશ્વર તાલુકાના હાંસોટ રોડ પર તાલુકા પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે નાંગલ ગામ ખાતે આવેલ લીમડી ફળીયામાં કેટલાક ઈસમો લાઈટના થાંભલા નીચે જુગાર રમી રહ્યા છે.

જે આધારે પોલીસની ટીમે દરોડો પાડી જુગાર રમતા ભદ્રેશ કેશવ પટેલ, રવજી જીણા વસાવા અને ભરત નાથુ પટેલને ઝડપી પાડ્યાં હતા. પોલીસે ત્રણે પાસેથી દાવ પર લાગેલા અને અંગઝડતીમાંથી 2820 રૂપિયા રોકડા તેમજ 2 મોબાઈલ મળી કુલ 10820 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ તમામની ધરપકડ કરી જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 29/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# સળિયા ચોરીનો વોન્ટેડ આરોપી ઝડપાયો

ભરૂચ | દહેજ ખાતે આવેલી માલવા પંજાબ હોટના પાર્કિંગમાંથી સળિયા ચોરીનો કૌભાડ એક મહિના પહેલા ઝડપાયું હતું જેમાં એક આરોપી વોન્ટેડ હોય પોલીસે તપાસ શરૂ કરી હતી દરમિયાનમાં એલસીબીએ ઝાડેશ્વર રોડ પર આવેલા સાંઇ મંદિર પાસેથી આરોપી જગજીવનસિંગ ઉર્ફે રીંકુ સિંગને ઝડપી પાડ્યો હતો. આરોપીને દહેજ પોલીસને સોપાતા પોલીસે મામલામાં સંડોવાયેલા અન્ય આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

**DATE: 29/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE– 04**

### પોલીસે 22 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# અંકલેશ્વરમાં જુગાર રમતા સાત જુગારીયા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસની ટીમ શહેર વિસ્તારમાં ગત રાત્રીના પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે, ગોયા બજાર માળી ખડકી વિસ્તારમાં રામજી મંદિર નજીક જાહેરમાં મોટાપાયે શ્રાવણિયો જુગાર રમાઈ રહ્યો છે.

પીઆઈ આર. એચ.. વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર. જી. પટેલ અને સર્વેલન્સ સ્કોર્ડની ટીમ સાથે એરિયા કોર્ડન કરી દરોડો પાડ્યો હતો. જ્યાં જુગાર રમતા હિતેશ સુંદરલાલ મોદી., દિપક ગોમાન પટેલ , મહેશ રમણ પટેલ, ભરત જયંતિ રાણા, ઝાકીર હુસેન અશરફ શેખ, ભરત રાણા પરમાર અને બાબુ ગુમાન પટેલને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. તેમની પાસે રૂપિયા મળી કુલ 17430 રૂપિયા તેમજ કે મોબાઈલ મળી કુલ 22.430 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

**DATE: 29/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE– 04**

## આરોપીને ટીમ સાબરકાંઠાથી લાવી

# સગીરાનું અપહરણ કરનાર 13 મહિના બાદ ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ જિલ્લા એસપી મયુર ચાવડાએ જિલ્લામાં અપહરણ તથા પોક્સો એક્ટના ગુનાના નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા ના આદેશ આપ્યા હતાં.

જેના આધારે એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ સ્કોડના પીઆઈ એન,એસ.વસાવાએ અલગ અલગ ટીમો બનાવી હતી. કે,અંકલેશ્વર તાલુકાના એક ગામમાં રહેતી 17 વર્ષીય સગીરાને આરોપી નવીન રાવજીભાઈ વસાવા સગીરાને તેના વાલીપણામાંથી અપહરણ કરીને લઈને ભાગી ગયો હતો.જે હાલમાં જેતપુર ગામ તા.વડાલી જી.સાબરકાંઠામાં હાજર છે. આ માહિતીના આધારે પોલીસની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી જેતપુર ગામમાંથી સગીરા અને આરોપી નવીન વસાવાને ઝડપી પાડી સગીરા અને આરોપીને વધુ તપાસ અર્થે અંકલેશ્વર તાલુકા પોલીસને સોંપ્યો હતો.

### અંકલેશ્વર પોલીસમાં ફરિયાદ થઇ હતી

# સગીરાને ભગાડી જનારને પોલીસે કેરળથી ઝડપી પાડ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે 19મીએ સગીરાને લગ્નની લાલચે ગણેશ ઈટિકર નામ નો ઈસમ ભગાડી ગયો હોવાની ફરિયાદ નોંધાઈ હતી.

જેના આધારે જીઆઈડીસી પોલીસ એ પી.આઈ. વી એન. સગર ના માર્ગદર્શન હેઠળ તપાસ શરુ કરી હતી. અને પ્રાથમિક ભગાડી જનાર ગણેશ ઈટિકર અંગે ની માહિતી મેળવી હતી મૂળ કર્ણાટક નો ઈસમ અંકલેશ્વર ખાતે ઓટોમોબાઈલ નો ધંધો કરતો હતો. તેની વિગતો આધારે પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ ની મદદ મેળવી ટેક્નિકલ સર્વેલન્સ શરૂ કરતા ગણેશ ઈટિકર નું લોકેશન કેરળ મળતાં એક ટીમ કેરળ ખાતે પહોંચી હતી. અને કેરળ પોલીસ ની મદદ મેળવી ગણેશ ઈટિકર ને ઝડપી પાડ્યો હતો અને 16 વર્ષીય સગીરા ને મુક્ત કરાવી હતી. પોલીસ બને ને અંકલેશ્વર લઈ આવી ગણેશ ઈટિકર ની પોક્સો એક્ટ હેઠળ ધરપકડ કરી હતો.

**DATE: 29/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE– 04**

# મંગલેશ્વર ગામે જુગાર રમતા 6 ખેલી ઝડપાયા

ભરૂચ | મંગલેશ્વર ગામની સિમમાં નર્મદા નદીના કિનારે જુગારીયાઓએ મહેફિલ જમાવી હતી. નબીપુર પોલીસે સ્થળ પર દરોડો પાડી જુગાર રમતા વિજય રેવાદાસ માછી પટેલ, દિવ્યાંગ ભદ્રેશ પટેલ, પિયુષ રમણ પટેલ, અભિષેક શૈલેષ પટેલ, અજીત નારણ માછી પટેલ તેમજ સુનિલ સુરેશ માછી પટેલને ઝડપી પાડ્યા હતા. ટીમે દાવપરના અને અંગ ઝડતી માંથી કુલ 10 હજારથી વધુની રોકડ રકમ જપ્ત કરી તમામ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

**DATE: 30/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### એસઓજીની ટીમે કુલ 12 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો, સુરતનો શખ્સ વોન્ટેડ

# ભરૂચના અસુરિયા પાટિયા પાસેથી દોઢ લાખના એમડી ડ્રગ્સ સાથે દંપતી ઝડપાયું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસઓજી પીઆઈ એ.વી.પાણમીયા તથા પીઆઈ એ.એ.ચૌધરીએ પોતાની ટીમ કામગીરીમાં હતી.તે દરમિયાન બાતમીના આધારે કાનુગાવાડ બાવરી, ક્તોપોર બજારમાં રહેતા આરોપી મો.સલીમ ઉર્ફે જીન્દો ગુલામનબી શેખ તથા તેની પત્ની સબીનાબાનુ ગેરકાયદેસર નશાકારક માદક પદાર્થ મેફેડ્રોન (એમ.ડી) નો જથ્થો કારમાં ભરીને વડોદરા તરફથી ભરૂચ તરફ આવી રહ્યા છે.

જેના આધારે પોલીસે નેશનલ હાઈવે નંબર 48 પર વોચ ગોઠવી અસુરીયા પાટિયા નબીપુર નજીકથી કારને ઝડપી પાડી કારમાંથી અંગ કબજામાંથી માદક પદાર્થ મેફેડ્રોન (એમ.ડી) કુલ-14 ગ્રામ 71 મીલીગ્રામ કિ.રૂ.1.47લાખ, સોનાના દાગીના તથા લગડી મળી કુલ કિ.રૂ.4.64 લાખ રોકડા



રૂપિયા 65 હજાર,એક મોબાઈલ અને એક કાર મળીને કુલ રૂ.12લાખનો મુદ્દામાલ કબ્જે કરીને મોહમદ અતીક રહે. ચોક બજાર,સુરતનાને વોન્ટેડ જાહેર કરીને વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 30/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસના કોમ્બિંગ દરમિયાન ઝડપાયેલા મકાન માલિકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી

# દધેડા ગામે પોલીસ નોંધણી વિના પરપ્રાંતિયોને મકાન ભાડે આપનાર મકાન માલિકો સામે ગુનો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા સ્થિત જીઆઈડીસીમાં કામ કરતા કામદારોમાં પર પ્રાંતિય કામદારોની સંખ્યા મોટાપ્રમાણમાં રહેલી છે. જીઆઈડીસીમાં કામ કરતા આવા પર પ્રાંતિય કામદારોને રહેવા માટે રહેણાંકોની જરૂર પડતી હોય છે, ત્યારે જીઆઈડીસી વિસ્તારમાં કેટલાક મકાન માલિકો મકાન ભાડાની લાલચમાં પોલીસમાં નોંધણી કરાવ્યા વિના આડેધડ પોતાના મકાનો પર પ્રાંતિયોને ભાડે આપી દેતા હોય છે.

ઘણીવાર આ પર પ્રાંતિય ઇસમો પૈકી કેટલાક દ્વારા ગુનાહિત પ્રવૃત્તિ કરાતી હોવાની સંભાવના પણ રહેલી હોય છે, ત્યારે આ બાબતે પોલીસે આવા કેટલાક મકાન માલિકો વિરુધ્ધ પગલા ભરતા મકાન ભાડાની લાલચમાં પોલીસ નોંધણી વિના મકાનો ભાડે આપતા મકાન માલિકોમાં ફફડાટ ફેલાયો છે. મળતી વિગતો મુજબ ભરૂચ એલસીબી શાખાના પરિપત્ર મુજબ અંકલેશ્વર ડિવિઝન વિસ્તારના વિવિધ પોલીસ મથકો દ્વારા સંયુક્ત રીતે ઝઘડિયા જીઆઈડીસી વિસ્તારમાં આવા મકાન માલિકોને ઝડપી લેવા કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. દરમિયાન પોલીસે ઝઘડિયાના દધેડા ગામે પોલીસ નોંધણી વિના પર પ્રાંતિય ઇસમોને મકાનો ભાડે આપનાર ઇસમો શશીભુષણ પ્રિતનારાયણ રહે.અંકલેશ્વર, અહેઝાઝ અહેમદ શેખ રહે.દધેડા , રિયાઝ અહેમદ શેખ રહે. દધેડા, ધર્મેશકુમાર ગણપત પટેલ રહે.ખરચી, ઇમરાન અમરુદિન મલેક રહે.દધેડા, ફકરુદિન રિયાઝુદિન પટેલ રહે. દધેડા, રામપતિદેવી ગીરઝાપ્રસાદ મેના રહે.અંકલેશ્વર તેમજ રાજુ મારવાડી રહે.દધેડા વિરુધ્ધ ઝઘડિયા જીઆઈડીસી પોલીસ મથકમાં ગુનો નોંધાવાયો હતો.



**DATE: 30/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### મધ્યપ્રદેશની સગીરા કોઇ રીતે શુક્લતીર્થ આવી પહોંચી હતી

# ભરૂચના સખી વન સ્ટોપ સેન્ટરે ગૂમ સગીરાનો કુટુંબ સાથે મેળાપ કરાવ્યો

ભાસ્કરન્યૂઝ|ભરૂચ

ભારત સરકાર પુરસ્કૃત મહિલા અને બાળ વિકાસ વિભાગ સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર ખાતે મહિલા અને બાળ વિકાસ અધિકારી કાશ્મીરા બેન સંવત તથા દહેજ પ્રતિબંધક અધિકારી પ્રિતેશભાઈ વસાવાના માર્ગદર્શન હેઠળ સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા માનવતા ભર્યુ કાર્ય કરવામાં આવ્યું છે.

મધ્ય પ્રદેશની રહેવાસી પ્રિયા (નામ બદલેલ) છે. જેની ઉંમર 17 વર્ષની છે તારીખ 16 ઓગસ્ટના રોજ નબીપુર પોલીસ સ્ટેશનના શુક્લતીર્થ આઉટ પોસ્ટ વિસ્તારમાં રખડતી ભટકતી જોવા મળી હતી. જેથી નબીપુર પોલીસ સ્ટેશનના કર્મચારીઓ દ્વારા આ સગીરાને પોલીસ સ્ટેશનને લઈ જઈ પુછપરછ કરી હતી પરંતુ સગીરા પોતાના નામ સિવાય બીજી કોઈ હકીક્ત જણાવતી ન હતી જેથી નબીપુર પોલીસ કર્મચારી ઓ તેણીની સુરક્ષા અને કાઉન્સેલિંગ માટે "સખી વન સ્ટોપ સેન્ટર પર સગીરાને મદદ માટે તેમજ તેણીના કુટુંબીજનોની જાણ અર્થે લઈ આવેલ. સગીરાના આશ્રયથી માત્ર 24 કલાકમાં જ કાઉન્સેલિંગ કરી તેણીના ઘરના સભ્યોની હકીક્ત જાણી અને કુટુંબીમાં બનેવીનો સંપર્ક કરી સેન્ટર પર બોલાવી નબીપુર પોલીસ સ્ટેશન ના કર્મચારીઓને બોલાવી તેમની હાજરીમાં જ સગીરાનો સુરક્ષિત કબજો તેણીના પરિવારને સોંપ્યો હતો.

**DATE: 30/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

## બે ચોરીની કબૂલાત, અન્ય બે ફરાર

# મુંબઈનો રીઢો ચોર મિશન કમ્પાઉન્ડમાંથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસે મિશન કમ્પાઉન્ડ માં અંધારામાં માં સર્ચ શરૂ કરતાં અંધારામાં 3 ઈસમો ભાગતા નજરે પડતા એક ઈસમ પલ્સર બાઈક લઈ ભાગવા જતા રંગે હાથે ઝડપાઈ ગયો હતો. જ્યારે અન્ય 2 ઈસમો અંધારા માં ફરાર થઈ ગયા હતા.

પોલીસ ઝડપી પાડેલ ઈસમ નું નામ પુછાતા રફીક મજીદ શેખ હોવાનું અને જોગેશ્વરી ઈસ્ટ , ઈન્કમટેક્સ કોલોની અમીના નગર મેઘ વાડી અંધેરી ના હોવાનું જણાવ્યું હતું.તેમની પાસેની પલ્સર વલસાડ ના અબ્રામા ખાતે આવેલ સાંઈ લીલા મોલ બાજુમાં ગાયત્રી નગર ખાતે થી ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. અને જ્યાં થી બાઈક ચોરી થઈ હતી તે જ સોસાયટી મા એજ રાત્રી ના બાઈક પણ ચોરી થઈ હતી.

ઉપરાંત 3 દિવસ પૂર્વે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકના ભડકોદ્રા ગામ ખાતે આદિત્ય નગર માં બંધ મકાન ને નિશાન બનાવી ચોરી કરી ફરાર થઈ ગયા હોવાની પણ કબુલાત કરી હતી.

**DATE: 30/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### આગામી તહેવારોને અનુલક્ષીને પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા સર્ચ ઓપરેશન

# ભરૂચ જિલ્લાની 6 ઔદ્યોગિક વસાહતમાં પોલીસનું મેગા કોમ્બિંગ : 300 કેસ કરાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પરપ્રાંતીય ઈસમ નો પોલીસ પર હુમલા બાદ પોલીસ નું ભરૂચ જિલ્લાની 6 ઔદ્યોગિક વસાહતોમાં મેગા કોમ્બિંગ શરુ કર્યું હતું. આગામી તહેવારો અનુલક્ષીને પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું એ પૂર્વે જિલ્લા પોલીસ વિભાગ દ્વારા અગાઉ જિલ્લા ના ઉદ્યોગો ને તમામ કામદારો ની વિગત સાથે નું પત્રક તૈયાર કરી જે તે પોલીસ સ્ટેશન માં જમા કરવા પણ સૂચના પણ આપવામાં આવી છે. કામદારોના ઓળખકાર્ડ તેની સામે કોઈ ગુના નોંધાયા છે કે કેમ તેની વિગતો પણ હવે ઉદ્યોગો એ પોલીસ ને અપાવી પડશે

ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા ભરૂચ-અંકલેશ્વર અને દહેજ, ઝઘડિયા, જંબુસર સહિત 6 ઔદ્યોગિક વસાહતમાં કોમ્બિંગ હાથ ધરી 300 જેટલા મામલામાં કાર્યવાહી કરવામાં આવી હતી. ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા આગામી તહેવારો માં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા માટે આપેલ સૂચનોને ધ્યાનમાં રાખી ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા ભરૂચ-અંકલેશ્વર, દહેજ, જંબુસર અને ઝઘડીયા-પાનોલી સહિત ઔદ્યોગિક વસાહતમાં મેગા કોમ્બિંગ હાથ ધર્યું હતું. ભરૂચ જિલ્લા પોલીસ, એલ.સી.બી, એસ.ઓ.જી પી.આઈ સહિત 50 જેટલા અધિકારીઓ અને 225 પોલીસ કર્મીઓએ લેબર કોલોની, ગોડાઉન, વેર હાઉસ અને બંધ કંપની સહિતના સ્થળોએ ચેકિંગ હાથ ધર્યું હતું. પોલીસે 300 જેટલા મામલાઓ સામે કાર્યવાહી હાથ ધરી છે

આ ઉપરાંત પોલીસ વિભાગ દ્વારા જિલ્લાની વિવિધ ઔદ્યોગિક વસાહત માં ઉદ્યોગ મંડળ સાથે સંકલન કરી કંપની માં કામ કરતા કામદારો ના પોલીસ વેરિફિકેશન કરવામાં માટે તાકીદ કરી છે તેમના તમામ ના ફોટો, આધાર કાર્ડ, તેમજ જિલ્લા બહાર કે રાજ્ય બહારના હોય તો ત્યાં નું પોલીસ વેરિફિકેશન સહીત ની ડીટેલ માગી છે. આ વિગતો જો નિર્ધારિત સમય મર્યાદા માં ઉદ્યોગો નહિ આપે તો તેમની સામે પણ કાર્યવાહી પોલીસ દ્વારા થઈ શકે છે. માત્ર કામદારો જ નહિ લેબર કોન્ટ્રાક્ટર ની પણ સંપૂર્ણ વિગત આપવા તાકીદ કરાઈ છે.



## કોમ્બિંગમાં કરાયેલી કાર્યવાહી

બી રોલ-180 ગોડાઉન રો હાઉસ, બંધ કંપની 153 સામે 16 હજારનો દંડ વસૂલ કર્યો હતો લેબર કોલોની અને વસાહતમાં 100 કેસ, વાહન જપ્ત 88 કેસ, પ્રોહિબિશન એક્ટ 49 કેસ, 16 કેસ શંકાસ્પદ ઇસમો, જાહેરનામા ભંગના 10 કેસ, ટ્રાફિકને અડચણરૂપ 04 કેસ મળી 300 જેટલા કેસ તેમજ એક બોગસ તબીબ, ગુમ થયેલ 1 વ્યક્તિને શોધી કાઢવામાં આવ્યો હતો.

## પરપ્રાંતિયોનું વેરિફિકેશન કેમ?

સ્થાનિક ઔદ્યોગિક ભૌગોલિક પરિસ્થિતીથી વાકેફ થઈ ત્રાસવાદી, ભાંગફોડીયા પ્રવૃત્તિ, ચોરી , લૂંટ, ધાડ, હત્યા જેવી ગંભીર પ્રકારના ગુનાઓ ને અંજામ આપી જતા હોય છે. આવા ગુનાનો ભેદ ઉકેલવાની કાર્યવાહી કરવા આવે ત્યારે ગુનો કરનાર ઈસમની પુરેપુરી વિગત તેમજ કામદાર તરીકે લાવનાર એજન્ટનું નામ સરનામું તેમજ અગાઉ પૂર્વે ગુનાખોરીનો ઈતિહાસ અંગેની માહિતી પણ કંપની પાસે હોતી નથી જેથી તેમનું વેરિફિકેશન કરવું જરૂરી હોવાથી તાકીદ કરાઈ છે.

## ગુનાખોરી અટકાવવા, કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસની કવાયત ચાલી રહી છે

અંકલેશ્વર , પાનોલી સહીત દહેજ અને અન્ય ઔદ્યોગિક વસાહતોમાં કામ કરતા કામદારોના પોલીસ વેરિફિકેશન માટે ઉદ્યોગ મંડળોને ઉદ્યોગો ને સૂચના આપવામાં આવી છે. અને કંપની કામ કરતા કામદારો ના ડેટા તૈયાર કરી સંબંધિત પોલીસ મથક માં જમા કરવા માટે પણ તાકીદ કરાઈ છે. આ અંગે અંકલેશ્વર ખાતે હાર્ડ તેમજ ઓનલાઈન એપ્સ વડે ડેટા તૈયારી કરવા માટે એસોસિએશન બાદ એપ્લિકેશન તૈયાર કરાઈ છે. ગુના ખોરી અટકાવવા, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે દિશા માં કામગીરી કરાઈ રહી છે » ચિરાગ દેસાઈ. ડી.વાય.એસ. પી અંકલેશ્વર

**DATE: 01/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### રામુ રાજપૂતે બાળકીને રમવાના બહાને બોલાવી તેના પર દુષ્કર્મ ગુજાર્યુ હતુ

# અંકલેશ્વરમાં 3 વર્ષની બાળકી પર દુષ્કર્મ ગુજારનારો પાડોશી મુંબઈથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં કન્સ્ટ્રક્શન સાઇટ પર સિક્યોરીટી ગાર્ડની માત્ર 3 વર્ષની બાળકી પર મૂળ ઉત્તરપ્રદેશ ના હાલ પાડોશ માં રહેતા 48 વર્ષીય કારીગરે દુષ્કર્મ ગુજારવાની ઘટનામાં જીઆઇડીસી પોલીસે મુંબઈના થાણેમાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રીય માહિતી મુજબ અંકલેશ્વર ઓદ્યોગીક વસાહતના રહેણાક વિસ્તારમાં રહેતી 3 વર્ષીય બાળકી સાથે દુષ્કર્મનો બનાવ સામે આવ્યો હતો. પાડોશમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશ ના ઉનાવાના અને હાલ પાડોશ માં રહેતા રામુ પ્રભુદયાલ રાજપૂતે બાળકીને રમવા માટે બોલાવી હતી અને ત્યાર બાદ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. બાળકી રડતા



રડતા તેના ઘરે પહોંચતા સમગ્ર બનાવ સામે આવ્યો હતો. જે બાદ પરિવારજનો દ્વારા બાળકીને સારવાર અર્થે ખસેડવામાં આવી હતી અને આ અંગે જીઆઈડીસી પોલીસને જાણ કરવામાં આવતા જીઆઈડીસી પોલીસે રામુ રાજપૂત વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડના ચક્રોગતિમાન કર્યા હતા. દરમ્યાન જીઆઈડીસી પોલીસે નરાધમ રામુ રાજપૂત ને મુંબઈના થાણેની કપૂર વાવડી ખાતેથી ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે .

**DATE: 01/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 42 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત

# નવા કાંસિયા ગામે જુગાર રમતા 4 ઝડપાયા, બે ફરાર

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાનાં નવા કાંસિયા ગામના મહાકાળી મંદિર પાસે ક્રિકેટ ગ્રાઉન્ડમાંથી શહેર બી ડિવિઝન પોલીસે જુગાર રમતા ચાર જુગારીયાઓને 42 હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યાં હતાં. જ્યારે અન્ય બે ફરાર થઈ ગયા હતાં.

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમા હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે નવા કાંસિયા ગામના મહાકાળી મંદિર પાસે ક્રિકેટ ગ્રાઉન્ડમાં જુગાર રમાય રહ્યા છે. જે માહિતી ના આધારે પોલીસે દરોડા પાડ્યા હતાં. પોલીસે સ્થળ પરથી રોકડા 27 હજાર અને ત્રણ મોબાઈલ ફોન મળી કુલ 42 હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. અને જુગાર રમતા જશવંત વસાવા,વિજય વસાવા અને નરેશ વસાવા તેમજ વિશ્રામ વસાવાને ઝડપી પાડયા હતાં. જ્યારે અન્ય બે જુગારીયાઓ ચકમો આપી ફરાર થઈ ગયા હતા.

**DATE: 01/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### લિમેટ ગામે દારૂ સાથે એક બૂટલેગર ઝબ્બે

# ઘરની અડારી પાસે ખાડામાં દાટેલો વિદેશી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા જીઆઈડીસી પોલીસમાંથી મળતી વિગતો મુજબ જીઆઈડીસી પીએસઆઈ સેલાણાના માર્ગદર્શન હેઠળ પોલીસ જવાનો જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે લિમેટ ગામ ખાતે રહેતા મેહુલ બાબુભાઈ વસાવા તેના ઘરે ભારતીય બનાવટના વિદેશી દારૂનું વેચાણ કરે છે.

પોલીસે મળેલ બાતમીના આધારે લિમેટ ગામે જઈને બાતમી મુજબના સ્થળે છાપો મારતા સદર ઈસમ ઘરે હાજર મળી આવ્યો હતો. પોલીસે ઘરમાં અને આજુબાજુમાં તપાસ કરતા ઘરની અડારી નજીક દિવાલ પાસે ખાડાઓ ખોદીને તેમાં પ્લાસ્ટિકની થેલીઓમાં મુકીને માટીથી દબાવીને રાખેલ ભારતીય બનાવટના વિદેશી દારૂની નાનીમોટી કુલ 95 બોટલો મળી આવી હતી. પોલીસે આ વિદેશી દારૂના કુલ રુ.15 હજાર ના મુદ્દામાલ સાથે મેહુલ બાબુભાઈ વસાવાને ઝડપી પાડ્યો હતો.

**DATE: 01/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પશુઓને અમદાવાદથી બેંગ્લોર લઇ જઇ રહ્યાં હોવાનો ઘટસ્ફોટ

# માંડવા ટોલ પ્લાઝા પાસેથી ઘેટાં બકરા ભરેલ ટ્રક સાથે 3 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના એકતા એ જ સંગઠનના કાર્યકતા અજિત રાધેશ્યામ માલપાણી અને તેમના મિત્ર સાથે સરદાર બ્રિજ પરથી ભરૂચથી અંકલેશ્વર તરફ જઈ રહ્યા હતાં. તે સમયે તેમની આગળ જઈ રહેલા ટ્રકમાં કોઈ વસ્તુ શંકાસ્પદ રીતે ભરી હોય તેમ માલુમ પડ્યું હતું.

જેથી તેમણે ટ્રક ચાલકને ટ્રકને રોકવતા તેણે ટ્રકને સાઇડ પર ઉભી રાખતાં તેમણે ટ્રકની પાછળ ખોલવાનું કહેતા તેઓએ ચેક કરતા તેમાં ખીચોખીચ ઘેટાં અને બકરા ભર્યાં હતાં. હવા ઉજાસ અને પાણીની કોઈ પણ પ્રકારની વ્યવસ્થા નહીં કરી ક્રૂરતા પૂર્વક ભરેલા નજરે પડ્યા હતાં. આ મામલે તેઓએ અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકમાં જાણ કરતા જ પોલીસ મથકનો સ્ટાફ સ્થળ પર દોડી આવી ટ્રકમાંથી ઘેટાં નંગ 159 અને બકરા નંગ 09 સલામત રીતે બહાર કાઢ્યા હતાં.પોલીસે એક ઘેટાની કિંમત રૂ.3 હજાર ગણીને રૂ.4,77,000 અને એક બકરાની કિંમત રૂ.4 હજાર ગણીને રૂ.36 હજાર અને ટ્રકની કિંમત રૂ.5 લાખ મળીને કુલ રૂ.10, 13,000 નો મુદ્દામાલ કબ્જે કરીને આરોપી ટ્રક ચાલક મહોમદ ફૈઝાન મહોમદ ફકીર ઘાંચી, ક્લીનર આસિફ હુસેન નિઝામુદ્દીન શેખ અને મહોમદ સમીર મહોમદ સલીમ કુરેશીને ઝડપી પાડીને તેમની સામે પશુ ઘાતકીપણાનો ગુનો નોંધ્યો હતો.

**DATE: 01/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### પોલીસનું પંથકમાં ટ્રાફિક નિયમન માટે વાહન ચાલકો સામે કડક વલણ

# પાલેજ ટ્રાફિક પોલીસે એક મહિનામાં વાહન ચાલકોને 1 લાખનો દંડ ફટકાર્યો

ભાસ્કર ન્યૂઝ | પાલેજ



પાલેજમાં એક જ મહિનાની અંદર અલગ-અલગ નિયમભંગ બદલ ટ્રાફિક પોલીસ દ્વારા એક લાખ રૂપિયાના દંડની વસૂલાત કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.આ અંગે જાણવા મળતી વિગત મુજબ ઓગષ્ટ મહિનાની અંદર ટ્રાફિક પોલીસ દ્વારા એક લાખના દંડની વસૂલાત કરવામાં આવી છે. સૌથી વધુ હાજર દંડ મતલબ કે ત્રીપલ સવારીમાં બાઈક-સ્કૂટર ચલાવવું, મોબાઈલ ફોન પર વાત કરવી, નંબરપ્લેટમાં છેડછાડ, આરટીઓ માન્ય નંબરપ્લેટ ન રાખવી, સહિતના નિયમોના ભંગ બદલ દંડ ફટકારવામાં આવ્યો છે.આ ઉપરાંત મુખ્ય બજારમાં આડેધડ વાહનો પાર્ક કરનારા વાહન ચાલકોને પણ પોલીસે કડક સૂચના આપી હતી. તેમ છતાં વાહન આડેધડ પાર્ક કરી કરતા લોકો સામે ટ્રાફિક નિયમના ભંગ બદલ દંડ વસૂલવામાં આવ્યો હતો.

સદર ટ્રાફિક ડ્રાઈવમાં નંબર પ્લેટ વગરના વાહનો, હેલ્મેટ વગર મોટર સાઈકલ હંકારતા વાહન ચાલકો, તેમજ લાઈસન્સ વિના વાહન હંકારનાર ચાલકો સામે પોલીસે દંડકીય કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે કુલ એક લાખ રૂપિયાનો દંડ વસુલ કર્યો હતો.

**DATE: 01/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### પોલીસે પિતા-પુત્ર સામે ફરિયાદ નોંધી

# પોલીસ સ્ટેશન પાસે જ સોડાની લારીની આડમાં દારૂનું વેચાણ

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના સોનેરી મહેલ ચાર રસ્તા પાસે એ ડિવિઝન પોલીસ સ્ટેશનના કંપાઉન્ડને અડીને આવેલી સોડાની લારી પર વિદેશીદારૂનો વેપલો થઈ રહ્યો હોવાનો ઘટસ્ફોટ થયો હતો. પોલીસે પિતા-પુત્રને ઝડપી પાડી તેમની પાસેથ કુલ 6 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ભરૂચ શહેરના એ ડિવિઝન પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, સોનેરી મહેલ ચાર રસ્તા પાસે આવેલી ઈકબાલ સમસુદ્દીન શેખ (રહે. કુમવાડ, સોનેરી મહેલ) ની સોઢાની લારી ચલાવે છે. તે સોડાની આડમાં દારૂનો પણ વેપલો કરે છે. જેના પગલે ટીમે તેની લારી પર દરોડો પાડ્યો હત. જેમાંલારીના ઉપરના ભાગેથી વિદેશીદારૂની બોટલો તેમજ પાઉચ મળી આવ્યાં હતાં. દારૂ અંગે પુછતાં તેમનો પુત્ર અલ્તાફ વેચાણ માટે આપી ગયો હોવાનું જણાવતાં ટીમે તેના ઘર તપાસ કરી હતી. જ્યાંથી ફ્રીજમાંથી પણ 10 બિયર મળી આવ્યાં હતાં.

**DATE: 01/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**



એલસીબીએ સ્થાનિક મદદગારો સહિત 6 ને દબોચ્યાં, 3 હજી ફરાર

# પંજાબથી ભરૂચમાં આવી રેલવેના વાયરોની ચોરી કરતી ટોળકી ઝબ્બે

## થામ અને મનુબર વચ્ચેથી 45 લાખના કેબલ ચોરીનો ભેદ ઉકેલાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં ફ્રેઈટ કોરીડોર અંતર્ગત રેલવેની લાઈન નાખવામાં આવી રહી છે ત્યારે તાંબા ( કોપર)ના વાયરો ચોરી જતી ટોળકી સક્રિય બની હતી. રેલ્વે ટ્રેક પરથી 45 લાખ રૂપિયાની કિંમતના વાયરોની ચોરી કરનારી પંજાબની ટોળકીના 2 સાગરિત સહિત કુલ 6 આરોપીને લોકલ ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડયાં છે.

ભરૂચ એસપી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ પીઆઇ ઉત્સવ બારોટ અને તેમની ટીમ કામે લાગી હતી. પીએસઆઇ વાળાને ચોકકસ બાતમી મળી હતી કે, દહેગામ પાસે એક્સપ્રેસ હાઈવેના બ્રિજ પાસે તસ્કર ટોળકીના 3 સાગરિતો શંકાસ્પદ હિલચાલ કરી રહયાં છે જેથી દરોડો પાડી તેમને ઝડપી લેવાયાં હતાં. તેમની પૂછપરછમાં સ્થાનિક યુવાનોની સંડોવણી બહાર આવતાં વિવિધ સ્થળોએ છાપા મારી અન્ય 3 આરોપીને દબોચી લેવાયાં હતાં. અત્યાર સુધીમાં કુલ 06 આરોપીને ઝડપી 6.68 લાખનો મુદામાલ જપ્ત કરાયો છે જ્યારે 3 આરોપીને ભાગેડું જાહેર કરાયાં છે.

### એન્જિન પરિક્ષણ માટે આવતાં તસ્કરો ભાગ્યાં

ચાર પંજાબી અને એક ગુજરાતીની બનેલી તસ્કર ટોળકીએ કોપરના વાયરોની ચોરીની યોજના બનાવી હતી અને એક રાત્રિએ સ્વીફ્ટ કાર લઈને અને બીજી રાત્રિએ બ્રેઝા કાર લઈને કોપર વાયરોની ચોરી કરી લાવ્યાં હતાં. એક રાત્રિએ તેઓ ઈનોવા કાર લઈને ચોરી કરવા ગયાં હતાં પણ પરિક્ષણ માટે રેલવે લાઈન પર એન્જિન આવતાં તેઓ કાપેલા કેબલ સાઈડ પર પાણી ભરેલાં ખાડામાં નાંખીને નાસી છૂટયાં હતાં. ચોરીના કેબલ અંકલેશ્વરના સુરેશ મારવાડીને વેચવામાં આવતાં હતાં.

### પંજાબથી આવી લૂંટની યોજના બનાવી

પંજાબના રહેવાસી અમલોકસિંઘ અને રાજદીપસિંઘ ઉર્ફે જગ્ગાએ વડદલા પાસે સેંટ્રોઝા સોસાયટીમાં મકાન ભાડે રાખીને રહેતાં હતાં. પંજાબથી અમોલકસિંઘ, રાજદિપસિંઘ સાથે સતનામસિંઘ ઉર્ફે સત્તાર અને ગુરૂદિપસિંઘ ઉર્ફે દીપ ચાર મહિના પહેલાં ભરૂચ આવ્યાં હતાં. નેશનલ હાઈવે નંબર 8 પર આવેલાં ગુરૂદ્વારામાં તેઓ ભેગા થયાં ત્યારે તેમણે રેલવે ટ્રેક પરથી કોપર વાયરોની ચોરી કરવાની યોજના બનાવી હતી અને તેના માટે ભરૂચની મોના પાર્ક સોસાયટીમાં રહેતાં મિન્હાઝ સિંધાનો સંપર્ક કર્યો હતો.

**DATE: 02/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ટેમ્પો ચાલકને રોકતાં પહેલાં પોતે પોલીસ હોવાનો રોફ બતાવ્યો

# ચોરીના ટેમ્પોમાં વિદેશી દારૂ લઈ જતો શખ્સ ચકમો આપી ભાગી ગયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર પાસેના નેશનલ હાઈવે નંબર 48 પરથી એક ટેમ્પો તાપી હોટલ પાસેથી પસાર થઈ રહ્યો હતો. તે અરસામાં ટેમ્પાના માલિકના ઓળખીતા મોહમદ પરવેઝે ટેમ્પો અટકાવીને ટેમ્પો ચાલકને આ ટેમ્પો ચોરીનો છે તેમ જણાવ્યું હતું.

જોકે સુરત અમરોલી ના કોસાડ ના ટેમ્પો ચાલક રોહિત એકનાથ પડિએ પોતે પોલીસનો માણસ હોવાની પોતાની ઓળખ આપી હતી. પરંતુ મામલો વધુ પેચીદો બનતા રોહિત પડિ મોહંમદ પરવેઝ અને તેમના અન્ય સાથીની નજર ચૂકવીને ટેમ્પો મૂકી ફરાર થઈ ગયો હતો. આ અંગે ની જાણ બી ડિવિઝન પોલીસે આવી ટેમ્પા માં તલાશી લેતા તેમાંથી 4.15 લાખનો વિદેશીદારૂ નો મોટો જથ્થો મળી આવ્યો હતો.

**DATE: 02/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## ભરૂચ- અંકલેશ્વરમાં બે ચોરી કરી હતી

# પોણા બે વર્ષથી નાસતો ફરતો તસ્કર દઢાલ પાસેથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ અને અંકલેશ્વરમાં ઘરફોડ ચોરીના બે ગુનાઓને અંજામ આપ્યાં બાદ છેલ્લા પોણા બે વર્ષથી પોલીસને ચકમો આપી નાસતા ફરતાં તસ્કરને આખરે એલસીબીએ ઝડપી પાડયો છે. આરોપી અત્યાર સુધી ક્યાં છુપાયો હતો અને ચોરીના અન્ય ગુનાઓ કર્યા છે કે કેમ તેની તપાસ હાથ ધરવામાં આવી છે.

ભરૂચ પોલીસને ચોરીના ગુનામાં નાસતા ફરતાં આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી છે. ભરૂચ અને અંકલેશ્વરમાં ચોરી કરી ફરાર થઈ ગયેલો તસ્કર અંકલેશ્વરના દઢાલ ગામના ફાટક પાસે હોવાની માહિતી એલસીબીના પીએસઆઇ ટોરાણીને મળતાં દરોડો પાડી આરોપી પ્રવિણ ઉર્ફે વાલ વસાવાને ઝડપી લેવાયો હતો. આરોપી મૂળ નેત્રંગ તાલુકાના કાટીપાડાનો રહેવાસી છે. પોણા બે વર્ષથી તે ક્યાં છુપાયો હતો અને શું કરતો હતો તે સહિતની વિગતો મેળવવા પોલીસે તેની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

## પોલીસે 32 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# કાપોદ્રા ગામે જુગાર રમતાં પાંચ જુગારીઓ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના કાપોદ્રા ગામના તલાવડી ફળિયામાં કેટલા ઈસમો ખુલ્લામાં જુગારનો રમી રહ્યાં હતા. આ અંગેની તાલુકાના પોલીસ મથકના પોલીસ સ્ટાફને માહિતી મળી હતી.

જેના આધારે પોલીસે સ્ટાફના માણસો સાથે માહિતીવાળા સ્થળે પંચના માણસોની હાજરીમાં જગ્યાને કોર્ડન કરી રેઈડ કરી હતી. પોલીસે રેઈડ કરતા જ જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી.જોકે પોલીસે દોડીને મહોમદ બિલાલ ફારૂક વડીયા, વિશાલ બાલુભાઈ પટેલ, જયેશ દિનેશભાઈ વસાવા, સંજય વિઠ્ઠલભાઈ વસાવા અને બાબુ રમણભાઈ વસાવાને ઝડપી પાડ્યા હતાં. પોલીસે તેમની પાસેથી રોકડા રૂ.2120 તેમની અંગજડતી માંથી રૂ.10,220 , બે નંગ મોબાઈલ કી રૂ.5500 એક મોટરસાયકલ કિં રૂ.15 હજાર મળીને કુલ રૂ.32,580 નો મુદ્દામાલ કબ્જે કરીને તમામ જુગારીઓ વિરુધ્ધ જુગારધાર કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 02/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 3 પોલીસ સ્ટેશનના 47 ગુનામાં ઝડપાયેલાં દારૂ પર બુલડોઝર ફેરવ્યું

# અંકલેશ્વરમાં 30 લાખની દારૂની 24 હજાર બોટલનો નાશ કરાયો



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી, બી ડિવિઝન તથા ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સ્ટાફે પ્રોહિબિશન કામગીરી અંતર્ગત લાખો રૂપિયાનો દેશી તથા વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. દારૂની 30 લાખ રૂપિયાની કિંમતની 24 હજાર બોટલના નાશ માટે પોલીસે કોર્ટની પરવાનગી માગી હતી. કોર્ટની પરવાનગી મળી જતાં એસપી મયુર ચાવડા તથા ડીવાયએસપી ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ શુક્રવારના રોજ દારૂના નાશની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કકડિયા કોલેજ પાસેની અવાવરૂ જગ્યામાં 24 હજાર કરતાં વધારે બોટલ પર રોડરોલર ફેરવ્યું હતું.

**DATE: 02/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ઘરમાં શ્રાવણિયો જુગાર રમતાં 8 જણા ઝડપાયા

ભરૂચ | ભરૂચ શહેરના ધોળીકૂઈ વિસ્તારમાં આવેલા મોગલપુરા ખાતે એક મકાનમાં ચાલતા શ્રાવણિયા જુગાર પર પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસની ટીમે મકાનને ચારે તરફથી ઘેરી લઈ દિલીપ મનુ કાંજીયા, અક્ષય ગોવિંદ ભોજવીયા, અરૂણ ટપ્પુ ઘીવાલા, અજય છના વાઘેલા, પ્રવિણ ઠાકોર વાઘેલા વિક્કી ચંદુ ઘીવાલા, પ્રભુ રાજા રાપુક્યિા તેમજ પ્રતાપ મનજી ઘીવાલાને ઝડપી પાડ્યા હતા. ટીમે સ્થળ પરથી દાવ પર લાગેલા તેમજ અંગ ઝડતીના 12 હજાર તથા 2 મોબાઈલ જપ્ત કર્યા હતા.

**DATE: 03/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# પોલીસે 45 હજારની બાઈક કબ્જે કરી

# રેલવે ગોદી રોડ પર ચોરીની બાઈક સાથે યુવક ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના રેલવે ગોદી રોડ પર હોસ્પિટલ પાસેથી શહેર એ ડિવિઝન પોલીસે ચોરીની બાઈક સાથે એક શખ્સની ધરપકડ કરી રૂપિયા 45 હજારની બાઈક કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ નો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમ્યાન શહેર ની મુબીન સોસાયટી માં રહેતો મોહંમદ જુનેદ સાદત શેખ ચોરી કરેલ બાઈક ફેરવી રહ્યો છે અને હાલમાં તે બાઈક લઈ ને રેલવે ગોદી રોડ ઉપર આવેલ હોસ્પિટલ સામે ઉભો છે. જેના આધારે એ ડિવિઝન પોલીસે તપાસ કરતા તે બાઈક સાથે મળી આવ્યો હતો. પોલીસે તેની પાસે બાઈકના દસ્તાવેજો માંગતા તેણે નહીં હોવાનું જણાવી સંતોષકારક જવાબ ન આપતા તેની ધરપકડ કરી રૂપિયા 45 હજારની બાઈક કબ્જે કરી તેની સઘન પૂછપરછ કરતા આ બાઈક તેણે 12 દિવસ અગાઉ અંકલેશ્વર રેલ્વેની રેલ્વે કોલોનીમાંથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. શહેર એ ડિવિઝન પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 03/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# કોલવણા ગામેથી જુગાર રમતા 4 જણા પકડાયાં

ભરૂચ | ભરૂચ એલસીબીનો સ્ટાફ જુગાર ડ્રાઈવ હેઠળ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે આમોદ તાલુકાના કોલવણા ગામ નવીનગરી ખાતે કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. સ્ટાફે દરોડા પાડી જુગાર રમવાના સાધનો સહિત રોકડ મળી કુલ રૂપિયા 31,800 નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જુગારીયાઓ અહમદ યુસુફ વેધ, ભીખાભાઈ ઉર્ફે વાઘજી ઠાકોર, ઈનાયત વલી મન્સૂરી, સલીમ ઉદેસંગ રાજને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 03/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ન્યુ ગુડ્સ રેલવે લાઈન ઉપરના 35 મીટર કૅટેક વાયરની ચોરી થઇ હતી

# ઉમરવાડાથી સંજાલી રેલવે ફાટક વચ્ચેથી વાયર ચોરીમાં 3ની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા ના ઉમરવાડા થી સંજાલી ફાટક વચ્ચે ન્યુ ગુડ્સ રેલવે લાઈન ઉપર ના 35 મીટર કેંટિક વાયર ની થયેલ ચોરી માં ભરૂચ પેરોલ ફ્લો ની ટીમે ત્રણ શખ્સ ની ધરપકડ કરી વાયર નો જથ્થો રિકવર કરી પાનોલી પોલીસ ના હવાલે કર્યા હતા.

અંકલેશ્વર ના ઉમરવાડા અને સંજાલી ગામની રેલવે ફાટક વચ્ચે 6 માસ્ક વચ્ચે ના ભાગે નવી બનતી ન્યુ ગુડ્સ રેલવે લાઈન ઉપર ના 35 મીટર કેંટિક વાયર ની ચોરી થઈ હતી. આ ચોરી અંગે સિક્યુરિટી બ્રાન્ચ મેનેજર પંકજ સોલંકીએ પાનોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે રૂપિયા 14 હજારના વાયરની ચોરી અંગેનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી દરમિયાન ભરૂચ પેરોલ ફ્લોની ટીમે આ વાયરની ચોરીમાં હસ્તી તળાવ પાસે સિદ્ધેશ્વરી સોસાયટીમાં રહેતા મુકેશ રમાકાંત પ્રજાપતિ, રામકિશોર સ્વામી દયાળ જયસ્વાલ અને નવા પુનગામના અજય રામછત્રસિંહ ચૌહાણ ને ઝડપી પાડયા હતાં. અને તેઓ પાસેથી 35 મીટર કેંટિક વાયરનો જથ્થો રિકવર કરી પાનોલી પોલીસના હવાલે કર્યા હતાં. પોલીસે ત્રણેયની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે

**DATE: 03/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સ્થળેથી 6200 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત

# પ્રાંકડ ગામે જુગાર રમતા 4 જુગારી પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના પ્રાંકડ ગામેથી પોલીસે જુગાર રમતા ચાર ઈસમોને ઝડપી લઈને ઘટના સ્થળેથી કુલ રૂ. 6200 નો મુદ્દામાલ કબજે લીધો હતો.

રાજપારડી પોલીસને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, પ્રાંકડ ગામે ટેકરા ફળિયામાં કેટલાક ઈસમો જાહેરમાં પત્તાપાનાનો જુગાર રમે છે. જેના આધારે ટીમે સ્થળ પર જઈને છાપો મારતા ત્યાં કેટલાક ઈસમો ગોળ કુંડાળુ વળીને પત્તાપાનાનો જુગાર રમતા જણાયા હતા. પોલીસને જોઈને આ પૈકીના કેટલાક ઈસમો નાશી છુટ્યા હતા, જ્યારે ચાર ઈસમો કલ્પેશ બચુ વસાવા, મિનેશ મુકેશ વસાવા બન્ને (રહે. નવીજરસાડ), વિશાલ વિજય વસાવા (રહે.પ્રાંકડ )તેમજ અરવિંદ ભવાનજી ઠાકોર (રહે. બોરીસણા તા. કલોલ જિ. ગાંધીનગર) નાને પોલીસે ઝડપી લીધા હતા. પોલીસે કુલ 6200નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

**DATE: 03/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કન્ટેનર ચાલકને વોન્ટેડ જાહેર કરી દારૂ સહિત 31.30 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

# અંકલેશ્વર હાઈવે પર હોટલ પાર્કિંગમાં 21.30 લાખનો દારૂ ભરેલું કન્ટેનર જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ ને ,નેશનલ હાઈવે નંબર 48 પર આવેલી સિલ્વર સેવન હોટલ નજીક રોડની બાજુમાં પાર્ક કરેલ કન્ટેનરમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો હોવાની માહિતી મળી હતી ,જે માહિતી ના આધારે બી ડિવિઝન પોલીસે સ્થળ પર પહોંચી તપાસ કરતાં કન્ટેનર મળી આવ્યું હતું જો કે કન્ટેનર પાસે ચાલક મળી આવ્યો ન હતો .પોલીસે કન્ટેનર ખોલી જોતા પ્રથમ દ્રષ્ટિ અંદર કઈ જ નહીં હોવાનું માલુમ પડ્યું હતું. જોકે પોલીસે કન્ટેનર માં ઝીણવટ ભરી તપાસ કરતા તેમાં એક ચોરખાનું મળી આવ્યું હતું જે ચોરખાનું ખોલતા તેમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો બી ડિવિઝન પોલીસે રૂપિયા 21.લાખ



30 હજારનો વિદેશીદારૂ નો જથ્થો અને 10 લાખનું કન્ટેનર મળી કુલ રૂપિયા 31.લાખ 30 હજાર નો મુદ્દામાલ કબ્જે કરી કન્ટેનર ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી તેને ઝડપી પાડવા ના ચક્રોગતિમાન કર્યા છે.

### ઝઘડિયા પોલીસે દરોડો પાડ્યો હતો

# નાનાસાંજા ગામમાંથી દારૂ ઝડપાયો, આરોપી ફરાર

ભાસ્કરન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા પીઆઈ વી. આર. ભરવાડ ટીમ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગમાં હતા.

તે દરમિયાન બાતમી મળી હતી કે ઝઘડિયા તાલુકાના નાનાસાંજા ગામે પંચાયત ફળિયામાં રહેતા જયેશ બાલુ વસાવાએ તેના ઘરની બાજુના વાડામાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો વેચાણ કરવા માટે સંતાડી રાખેલ છે. પોલીસે મળેલ બાતમી મુજબના સ્થળે જઈને છાપો મારતા સદર ઈસમ ઘરે હાજર જણાયો હતો, પરંતુ પોલીસને જોઈને ભાગી છુટ્યો હતો. તે ઈસમ જ્યાં ઉભો હતો તે જગ્યાએથી પોલીસને તપાસ દરમિયાન પ્લાસ્ટિકની થેલીમાં રાખેલ એક પુઠ્ઠાના બોક્ષમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની 750 મિ.લિ.ની 11 બોટલો મળી આવી હતી. પોલીસે કુલ રૂ.5720 નો વિદેશી દારૂનો જથ્થો કબજે લઈને પોલીસને જોઈને સ્થળ પરથી ભાગી ગયેલ જયેશ બાલુ વસાવા વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

**DATE: 03/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### એક આરોપીને છ મહિના, અન્ય 7 ને ચાર મહિનાની કેદ

# અંકલેશ્વરમાં જુગારમાં ઝડપાયેલા આઠ આરોપીને કોર્ટે સજા ફટકારી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના કસ્બાતીવાડ વિસ્તારમાં આવેલ લીમડી ચોક,સિતિયા ફળિયામાં રહેતા આસિફ મકબુલ શેખ પોતાના ઘરમાં જુગાર રમાડતો હતો.

પોલીસે જુગારધામ પર રેડ કરીને આસિફ શેખ તેમજ અન્ય જુગારીયા ધર્મેશ સોલંકી, ઈમરાન શેખ, મનહર વસાવા, ચિરાગ વસાવા, પરેશ વસાવા, શાહરુખખાન પઠાણ ને જુગાર રમતા ઝડપી પાડી રોકડા રૂપિયા 37400 ,સાત નંગ મોબાઈલ ફોન એક બાઈક પોલીસે કબ્જે કરી હતી.

આ અંગેનો કેસ અંકલેશ્વરના નામદાર બીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ગૌરવ દરજી સાહેબ ની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ શિલ્પાબેન પટેલની દલીલોને કોર્ટે માન્ય રાખીને આરોપીઓને સજા ફટકારી હતી. જેમાં મુખ્ય સૂત્રધાર આસિફ શેખને કોર્ટે છ માસની સાદી કેદ તેમજ રૂપિયા 500નો દંડ ફટકાર્યો હતો. જો દંડ ન ભરે તો વધુ 20 દિવસની સજાનો હુકમ કોર્ટે કર્યો હતો,જ્યારે અન્ય સાત આરોપીઓને ચાર માસની સાદી કેદ તેમજ રૂપિયા 300 નો દંડનો હુકમ કોર્ટે કર્યો હતો.